# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-10-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM IN SAVALI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિકાસ સપ્તાહ અંતર્ગત વડોદરાના સાવલીમાં 507 કરોડ રૂપિયાના કામોનું ખાત મહૂર્ત અને લોકાર્પણ કર્યું. આ પ્રસંગે સંબોધન કરતા આ પ્રમાણે જણાવ્યું...

BYTE – મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

# recruitment of Lokrakshak and PSI

લોકરક્ષક અને PSI ની ભરતીમાં 25 નવેમ્બર આસપાસ શારીરિક કસોટી લેવામાં આવશે. PSI માટે ઉમેદવારી કરી હશે તેમની પહેલા શારીરિક પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ લોક રક્ષક માટેના ઉમેદવારોની શારીરિક પરીક્ષા લેવામાં આવશે.

ડિસેમ્બર જાન્યુઆરીમા PSI ની લેખિત પરીક્ષા યોજાશે જ્યારે જાન્યુઆરી ફેબ્રુઆરીમાં લોક રક્ષકની લેખિત પરીક્ષા લેવાશે. શારીરિક કસોટી માટે ઉમેદવારોને મેદાન ઉપલબ્ધ કરાવવા માટે સંસ્થાઓને અપીલ કરવામાં આવી છે. જ્યારે રાજ્યના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પણ શારીરિક તૈયારીઓ માટે ઉપલબ્ધ કરાવાશે.

# DHOLERA GREENFIELD INDUSTRIAL SMART CITY

રાજ્યના ધોલેરા ખાતે આવેલ “સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન” – SIRમાં દેશના સૌથી મોટા “ગ્રીનફિલ્ડ ઇન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટી”નું નિર્માણ થઇ રહ્યું છે. ધોલેરા સ્માર્ટ સિટી ખાતે વિવિધ ઇન્ડસ્ટ્રીઝ તેમજ તેના કર્મચારીઓ માટે સર્વગ્રાહી જીવનશૈલીના વિકાસ માટે રહેણાંક, વ્યાપાર, મનોરંજન તથા અન્ય હેતુસર ૯૨૦ ચોરસ કિલોમીટર જેટલી જમીન ફાળવાઈ છે.

આ પ્રોજેકટના પ્રારંભિક તબક્કે ૨૨.૫૪ ચોરસ કિલોમીટર વિસ્તારનો વિકાસ કરવામાં આવ્યો છે. જેમાં વિશ્વ કક્ષાના પ્લગ એન્ડ પ્લે ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પીવાલાયક પાણી, ૨૪ કલાક અવિરત વીજ પુરવઠો, CETP, STP, ICT, નેચરલ ગેસ વગેરે જેવી સેવાઓનો સમાવેશ કરાયો છે.

ધોલેરા સ્માર્ટ સિટીમાં સેમિકન્ડકટર, ઇલેક્ટ્રોનિક્સ, નોન રીન્યુએબલ એનર્જી, ઓટોમોબાઇલ, ઇવી, એરોસ્પેસ, ડિફેન્સ, આઇ.ટી. જેવી કંપનીઓનું નિર્માણ થશે. ઉપરાંત વિવિધ પરિવહન માટે અમદાવાદ-ધોલેરા વચ્ચે ગ્રીનફિલ્ડ ફોર લેન એકસપ્રેસ વે, ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ તથા ફ્રેઈટ રેલ લાઇનનો વિકાસ કરાશે.

# Tapi – hadtal r g car

તાપીમાં વ્યારા મિશન નાકા રોડ પર ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના તબીબો આમરણાંત ઉપવાસ પર બેઠા...

કોલકત્તાના તબીબો તેમની કાયદેસર માંગણીઓ માટે ન્યાયમાં વિલંબ થતા આમરણાંત ઉપવાસ પર બેઠા હોઈ જેઓને ટેકો આપવા મેડિકલ એસોસિએશનના તબીબો પણ ઉપવાસ પર બેઠા છે ...

# SURENDRANAGAR SEVA SETU

સુરેન્દ્રનગરના મુળી તાલુકામાં શેખપર ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં આસપાસના 12 જેટલા ગામના નાગરિકોએ તેરસો જેટલા પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું, તેમજ 120 લોકોની ઓરગ્ય તપાસ કરાઈ હતી.

# SWAMITVA YOJANA

સ્વામીત્વ યોજના અંતર્ગત મહેસાણા તાલુકામાં 26 હજાર મિલ્કત ધારકોના પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરાયા છે. આ માટે વડનગરમાં ડ્રોન સર્વે અને ઓનલાઇન નોંધણીની કામગીરી હાથ ધરાઈ છે.

બહુચરાજીના 16 ગામ, સતલાસણાના 5 ગામ, ખેરાલુના 12 ગામ તેમજ કડીના 32 ગામમાં પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવ્યા છે. આપને જણાવી દઈએ કે કેન્દ્ર સરકારની સ્વામીત્વ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં વસતા લોકોને મિલકતના પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવે છે.

# WETHER

રાજ્યભરમાં હાલમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે આગામી પાંચ દિવસ દરમિયાન આ પ્રકારનું જ વાતાવરણ અનુભવાશે જેમાં મોટેભાગે સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. તે સાથે જ આગામી 05 દિવસ દરમિયાન ગાજવીજ સાથે ખાસ કરીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. તદ્દુપરાંત લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ સામાન્ય કરતાં વધારો નોંધાયો છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે જે આગામી પાંચ દિવસ દરમિયાન યથાવત રહેશે આ ઉપરાંત ઉત્તર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં સામાન્ય કરતાં તાપમાન પણ વધારે રહેશે. હાલમાં ગુજરાત ઉપર કોઈપણ પ્રકારની વરસાદી સિસ્ટમ સક્રિય નથી. પરંતુ પવનની દિશા બદલાતા કેટલાક વિસ્તારમાં હળવા છૂટાછવાયા વરસાદી ઝાપટા થઈ શકે છે.

# GUJ WEATHER

ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે આહવા સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. શુક્રવાર સાંજે ડાંગના અંતરિયાળ ભાગોમાં વરસાદનું આગમન થયું હતું. સાપુતારા, વઘઈ અને સુબિર પંથકના ગામડાઓમા પણ છૂટોછવાયો વરસાદ પડ્યો હતો.

જોકે આહવામાં ગઈકાલથી આજ સવાર સુધી ભારે વરસાદ પડતા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. આંકડાઓ અનુસાર સાંજે 1 વાગ્યેથી વહેલી સવારે 4 વાગ્યા સુધી આહવામાં 2 ઇંચ, વઘઈમાં પોણો ઇંચ, સાપુતારામાં અડધો ઇંચ વરસાદ નોંધાયો હતો.

આ તરફ તાપી જિલ્લાના ઉચ્છલમાં ગઈકાલે મોડી રાત્રે ગાજવીજ સાથે પડેલા વરસાદ બાદ કેટલાક ઘરોને નુકસાન પહોંચ્યુ હતું. તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે સેલુડ ગામે કાચા મકાન પર વીજળી પડતા ઘરને નુકસાન પહોંચ્યું હતું. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નથી થઈ.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..